અપીલ અરજી નં.૧૭૫ તા.૨૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળા:– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.નં.૩૩માં અગાઉ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન માટે જે જગ્યા રીઝર્વેશનમાં મુકવામાં આવેલ હતી તેની ચો. વાર સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૫/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.નં.૩૩માં અગાઉ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન માટે જે જગ્યા રીઝર્વેશનમાં મુકવામાં આવેલ હતી તેની ચો. વાર સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૫ તા.૨૬–૭–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૨૩ તા.૩–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજી ફી વિગત, અરજદારની મુળ અરજીની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૦ તા.૩–૮–૧૧ થી નગર નિયોજક ટાઉન પ્લાનીંગને પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૦ તા.૧૭–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજીની વિગત, મુળ અરજીની નકલ, અરજદારને ડે.કમિ.(પીએન્ડડી) તરફથી આપેલ માહિતી અંગેના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૨૩ તા.૩–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી ટીપી નં.૩૩ ના રીઝર્વેશન બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે લીંબાયતઝોન તરફથી તબદીલ થયેલ હોય તેવું જણાતું નથી. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે નિર્ણય ન મળવાથી નારાજ થઈ તા.૨૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૨૩ તા.૩–૮–૧૧ થી પૂરક વિગતો અત્રે આવેલ છે જેની નકલ અરજદારને પણ સમય બાદ આપવામાં આવેલ છે. જયારે પત્ર નં.ટીડીઓ/૩૦ તા.૧૭–૮–૧૧ થી નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી મુદ્દા નં.૪ અંગેની માહિતીની વિગતો પૂરક વિગતોમાં અત્રે પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં.(૧) ટી.પી.નં.૩૩માં અગાઉ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન માટે જે જગ્યા રીઝર્વેશનમાં મુકવામાં આવેલ હતી તેની ચો. વાર સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં.(૨) તથા આ રીઝર્વેશન ઉઠાવી લીધુ હોય તો તેની કાયદેસરતા, નિતી નિયમો ઉઠાવનાર અધિકારીઓ તથા તેના પાવર ઓથોરીટી વગેરેની નામ, હોદ્દાની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.(૩) તથા આ રીઝર્વેશનની જગ્યાની હાલની સ્થિતિ ચો.મી. સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ તથા ૩ અન્વયે મંજુર ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) અનુસાર મોજે ડુંભાલ રે.સ. નં.૮ વાળી જમીનમાં દક્ષિણે રીઝર્વેશન આર–૫ (ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન/પબ્લીક યુટીલીટી) ક્ષેત્રફળ ૧૩,૮૯૯ ચો.મી. મુકવામાં આવેલ તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ટીપી નં.૩૩ રદ થઈ અને નવા ટીઆર મુજબ ફા.પ્લોટ નં.૧૩ વાળી જગ્યાના પ્લાન રદ કરી બાંધકામ દુર કરાયા હોય કે ન હોય તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે મ.જાહેર માહિતી અધિકારી નગર નિયોજક અને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૦ તા.૧૭–૮–૧૧ થી ટી.પી. સ્કીમ નં.૩૩ રદ થઈ અને નવા ટી.આર. મુજબ ફા.પ્લોટ નં.૧૩ વાળી જગ્યામાં પ્લાન રદ કરી સ્થળ પરનું બાંધકામ દુર કરવામાં આવેલ નથી. તેવું અત્રે પૂરક વિગતોમાં જણાવેલ છે પરંતુ અરજદારને તેની માહિતી આપેલ જણાતી નથી.

મુદ્દા નં.(૫) તથા રીઝર્વેશનની જગ્યા મનપાએ પાછી મેળવી ન મેળવી તેની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી ટી.પી. નં.૩૩ (ડુંભાલ)ને પ્રીલીમનરી સ્કીમ તરીકેની મંજુરી મળ્યા બાદ રીઝર્વેશન આર–૫ નો કબ્જો મેળવી શકાય છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ ની માહિતી આપવામાં આવેલ નથી તેમજ મુદ્દા નં.૪ ની માહિતી પૂરક વિગતોમાં મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી જણાવેલ છે પરંતુ અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી પૂરી પાડવાની રહે.

અત્રે એ પણ ઉલેખનીય છે કે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગનો પ્રત્યુત્તર અન્વયે " ડ્રાફટ ટી.પી.ની પ્રિલીમનરી મંજુરી મળ્યા બાદ" ની માહિતીની વિગતો ધ્યાને લેતાં આડકતરી રીતે તેમાં મુદ્દા નં.૨ ની માહિતીનો સમાવેશ થતો જણાય છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૪ ની સ્પષ્ટ રીતે નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ, ટાઉન પ્લાનીંગ)ને જણાવવામાં આવે છે.

લીંબાયતઝોન ખાતે આપવામાં આવેલ સદર અરજીના અનુસંધાને અપીલ તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં મોકલેલ નથી. જે સમયસર મોકલવા અંગે કાળજી રાખવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ